પૂજ્ય ગુરુદેવશ્રી જન્મજયંતી વિશેષાંક

April 2025

વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ




પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

## પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૩૬માં મંગલ જન્મજયંતી દિને તેમને કોટી કોટી વંદન



પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી તો તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ જેવી મહામંગળકારી, આનંદ ઉપજાવનારી હતી. આવી વાણીનું શ્રવણ જેમને થયું તે બધા ભાગ્યશાળી છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી અને પૂજ્ય ગુરુદેવશ્રી તો આ કાળનો એક અચંબો હતાં. – પૂજ્ય બહેનશ્રી

આપના આશીર્વાદથી પૂર્ણ આનંદમયી નિધિને પ્રાપ્ત કરી લઉં અને અનંત પદાર્થોના ત્રણે કાળના અનંતા ભાવો વર્તમાન એકેક ભાવથી અવિચ્છિન્ન પ્રત્યક્ષ થતા રહે એવી તીવ્ર અભિલાષા છે.

– પૂજ્ય સોગાનીજી

ગુરુદેવ તો પોતે એક અલૌકિક દ્રવ્ય હતાં, અલૌકિક એમનું પરિણમન હતું ને પુણ્યનો – વાણીનો યોગ પણ કોઈ અલૌકિક સાતિશય યોગ હતો. – પૂજ્ય ભાઈશ્રી

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૧ : અંક–૩૨૮, વર્ષ–૨૭, એપ્રિલ–૨૦૨૫

## કહાનરત્ન કિરણો !!

**– અધ્યાત્મ યુગસૃષ્ટા**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**
**('પરમાગમસાર'માંથી સાભાર ઉદ્ધૃત)**

ચારિત્ર તે ધર્મ અને તેનું મૂળ સમ્યગ્દર્શન તથા તેનું ફળ કેવળ જ્ઞાન, તેની સામે કહે છે કે તું ભગવાન સ્વરૂપ છો પણ તેને ભૂલી જવું તે ભ્રમણા છે, એ ભ્રમણા પુણ્ય-પાપરૂપી અધર્મનું મૂળ છે અને તેનું ફળ સંસાર છે. ૭૬.

*

જેને સુખી થવું હોય તેને કહે છે કે શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે સર્વાંગ જ્ઞાનથી ભરેલી છે તેની સન્મુખ થવું તે સુખી થવાનો માર્ગ છે, તે ધર્મ છે. સર્વાંગ જ્ઞાનથી ભરેલી ચૈતન્યવસ્તુમાં રહેતાં શુદ્ધતા થાય છે અને અશુદ્ધતા નાશ થાય છે તેનું નામ પોતાનું હિત એટલે કે કલ્યાણ છે. ૭૭.


*

અરે ! અનાદિથી તને વિજ્ઞાનઘન આત્માની મહિમા બેઠી નથી. અનાદિથી બાહ્ય ચીજમાં આશ્ચર્યતાને કારણે પોતાના જ્ઞાનસ્વરૂપ કરતાં પરમાં કાંઈક વિશેષતા તથા વિસ્મયતા લાગતાં ત્યાંથી ખસતો નથી. ભગવાન આત્મા સર્વાંગે જ્ઞાનથી ભરેલો છે. એટલે કે અસંખ્ય પ્રદેશે જ્ઞાનથી ભરેલો છે. તેની અદ્‌ભુતતાને નિહાળવા એકવાર પ્રયત્ન તો કર ! ૭૮.



*

જ્ઞાનના ક્ષયોપશમનું વજન નથી પણ અનુભૂતિનું વજન છે. તેથી કહે છે કે આત્માને અનુલક્ષીને આત્માના સ્વાદનો અનુભવ થવો તે અનુભૂતિ છે અને બાર અંગમાં પણ અનુભૂતિનું વર્ણન કર્યું છે– અનુભૂતિ કરવાનું કહ્યું છે. અનાકુળ જ્ઞાન ને અનાકુળ આનંદનો અનુભવ કરવો એમ બાર અંગમાં કહ્યું છે. શુદ્ધ આત્માની દૃષ્ટિ કરીને



સ્થિરતા કરવી એમ તેમાં કહ્યું છે. બાર અંગથી વિશેષ શ્રુતજ્ઞાન ન હોય. તેમાં ચારેય અનુયોગનું જ્ઞાન આવી જાય છે-એવું ઉત્કૃષ્ટ બાર અંગનું જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી. બાર અંગવાળાને સમ્યગ્દર્શન હોય જ-સમ્યગ્દર્શન વિના બાર અંગનું જ્ઞાન ન જ હોય પણ તે ક્ષયોપશમજ્ઞાન તે મોક્ષમાર્ગ નથી પરંતુ અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે. આટલો બધો ઉઘાડ થયો માટે મોક્ષમાર્ગ વધી ગયો તેમ નથી. ૭૯.

*

પ્રશ્નઃ- વ્યક્તપર્યાય છે તે ખ્યાલમાં આવે છે પણ અવ્યક્ત દ્રવ્યનો શી રીતે ખ્યાલ આવે ?

ઉત્તર :- પહેલા શાસ્ત્ર આદિથી જાણપણું કરવું જોઈએ. રાગની પર્યાય વ્યક્ત છે તે તો ખ્યાલમાં લ્યે છે પણ તેની પાછળ અવ્યક્ત ભગવાન પડ્યો છે તેને લક્ષમાં લેવો જોઈએ. વ્યક્ત પર્યાયનું અસ્તિત્વ તો એક સમયનું છે. તેની પાછળ અવ્યક્ત ભગવાન છે તેનું ત્રિકાળ ટકતું મહાન અસ્તિત્વ પડ્યું છે તેને લક્ષમાં લઈને તેના સંસ્કારને પહેલા દૃઢ કરવા જોઈએ. લાખ વાત બીજી આવે. ક્રિયાકાંડ-શુભરાગ અનેક પ્રકારના હો, પણ તેમાં લક્ષ જતાં લાભ નથી. નુકશાન છે. સ્વના આશ્રયથી જ લાભ થાય છે. એવા દૃઢ સંસ્કાર પહેલા નાખે તો પછી અવ્યક્ત ભગવાન અનુભવમાં આવે છે. ૮૦.

*

સમ્યગ્દૃષ્ટિએ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કર્યો ત્યાર પછી (એવી ભાવના તેને રહે છે કે) એક ક્ષણ પણ તે છોડવા લાયક નથી. પરમાત્માને પડખે આવ્યો પછી એક ક્ષણ પણ પરમાત્માનું પડખું છોડવા લાયક નથી અને પુણ્ય-પાપના પડખે ચડવા જેવું નથી. એક ક્ષણ પણ શુદ્ધાત્માને વિસ્મરણ કરવા યોગ્ય નથી.રાગનું કાર્ય કદી પણ ગ્રહણ કરવા લાયક નથી, અને શુદ્ધાત્માને કદી પણ છોડવા લાયક નથી, અને જેને રાગનો રંગ ચડી ગયો છે તેને પરમાત્માનો રંગ કેમ ચડે ? અને જેને પરમાત્માનો રંગ ચડી ગયો છે તેને રાગનો રંગ કેમ ચડે ? હજુ સમ્યગ્દૃષ્ટિને રાગ આવે છે ખરો, પણ રાગનો રંગ ચડતો નથી, અને શુદ્ધાત્માનો રંગ એક સમય માત્ર પણ ઉતરતો નથી. સમ્યગ્દૃષ્ટિને અતીન્દ્રિય સુખનો અનુભવ ધારા પ્રવાહરૂપથી ચાલે છે તે એની મોટપ (મહાનતા) છે. ૮૧.

*

પ્રશ્ન :- જાડીબુદ્ધિ હોય તો રાગ અને આત્માનું ભેદજ્ઞાન કેમ કરી શકે ?

ઉત્તર :– આત્માની બુદ્ધિ જાડી નથી. આત્માનો રસ ને રૂચિ હોય તો બુદ્ધિ (આ વિષયમાં) કામ કરે છે. સંસારના કામનો રસ હોય છે તો ત્યાં બુદ્ધિ જાડી રહેતી નથી. બધા પડખાનો વિવેક કરીને લાભ થાય તેમ કરે છે. જ્યાં રૂચિ હોય ત્યાં વીર્ય કામ કરે છે, બુદ્ધિ કામ કરે છે, જો આત્માનો રસ જાગે, રૂચિ જાગે તો વીર્ય પણ કામ કરે છે, બુદ્ધિ પણ કામ કરે છે, અને ભેદજ્ઞાન પામે છે. આત્માના કાર્ય માટે આત્માની સાચી રુચિની જરૂર છે. ૮૨.

*


પ્રશ્ન :– અંતરનો માર્ગ બહુ કઠણ લાગે છે?

ઉત્તર :– અંતરનો માર્ગ કઠણ નથી. સહેલો છે, હળવો છે, સરળ છે, કઠણ તો જે થઈ શકે નહીં તે હોય. લાખ પ્રયત્ન કરે છતાં પરમાણુ આત્માનો થાય નહિ, એથી એ કઠણ કહેવાય પણ આત્માનો માર્ગ તો અંતરના પ્રયત્નથી પમાય છે. માટે તે જ થઈ શકે તેવું તેનું સરળ ને સહજ કાર્ય છે, માત્ર અણ–અભ્યાસથી કઠણ લાગે છે. ૮૩.

*

પ્રશ્ન :– સ્વરૂપનો અનુભવ થયો ન હોય અને શુભને હેય જાણવાથી સ્વછંદી થઈ ન જાય?

ઉત્તર :– શુભરાગને હેય જાણવાથી શુભરાગ છૂટતો નથી. સ્વભાવનું મહાત્મ્ય આવતાં શુભરાગનું મહાત્મ્ય છૂટી જાય છે પણ શુભરાગ છૂટતો નથી. શુભરાગ તો ભૂમિકા અનુસાર એના કાળે આવ્યા વિના રહેશે નહિ. વસ્તુનું જેવું સ્વરૂપ હોય તેવું સાચું જ્ઞાન કરવાથી સ્વછંદતા થઈ શકે નહિ. ૮૪.



*

જેમ પુત્રમાં પિતાનો અણસાર આવે છે તેમ મોક્ષમાર્ગી મુનિઓમાં વીતરાગી જિન ભગવાનનો અણસાર–વીતરાગતાનો અણસાર આવે છે. શાંત... શાંત... વીતરાગતા... અકષાય તરવરે છે. 'બહેનશ્રીનાં વચનામૃત' વાંચશે તેના કાળજામાં સત્યના ઘા વાગી જાય એવી વાતો છે. આ પક્ષની વાત નથી. વસ્તુ સ્થિતિની વાત છે. ૮૫.


*

પ્રશ્ન :– આ સત્ય વાત સાંભળવા છતાં અત્યારે ધર્મ ન પામે તો ?

ઉત્તર :– સત્યનું શ્રવણ આદિ રસ પૂર્વક કરે છે તેથી તેનાથી સંસ્કાર પડે છે. એ સંસ્કારથી ધર્મ પમાય છે. ભલે અત્યારે વિકલ્પ ન તૂટે તોપણ એના સંસ્કારથી આગળ વધીને ધર્મ પામે છે. ૮૬.

*

મરણનો સમય આવશે તે કાંઈ પૂછીને નહિ આવે કે લ્યો હવે તમારે મરવાનો કાળ આવ્યો છે. અરે ! સ્વપ્ના જેવો સંસાર છે. કોના કુટુંબ ને



કોના મકાન મિલ્કત! એકદમ ફુ થઈને ક્ષણમાં દેહ છૂટી જશે. કુટુંબ કીર્તિ ને મકાન બધું અહીં પડ્યું રહેશે. અંદરથી–ભગવાનને છૂટો પાડ્યો હશે તો મરણ સમયે છૂટો રહેશે. જો દેહની ભિન્નતા નહિ કરી હોય તો મરણ સમયે ભીંસમાં ભીંસાઈ જશે, માટે ટાણા છે ત્યાં દેહથી ભિન્નતા કરી લેવા જેવું છે. ૮૭.

*

સમ્યગ્દષ્ટિને રાગ કે દુઃખ નથી એમ કહ્યું છે એ તો દૃષ્ટિની પ્રધાનતાથી કહ્યું છે પણ પર્યાયમાં જેટલો આનંદ છે તેને પણ જ્ઞાન જાણે છે અને જેટલો રાગ છે એટલું દુઃખ પણ સાધકને છે તેમ જાણે છે. પર્યાયમાં રાગ છે દુઃખ છે તેને જો જાણે નહિ તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે. સમ્યગ્દષ્ટિને દૃષ્ટિનું જોર બતાવવા આસ્રવ નથી તેમ કહ્યું છે પણ જો આસ્રવ સર્વથા ન હોય તો મુક્તિ હોવી જોઈએ. ૮૮.

*

---

(પાના નં ૦૭ થી આગળ... )

પૂજ્ય ભાઈશ્રી :- બહુ મીઠાશથી વાત લીધી છે ! આ તો શું છે કે, પ્રતિકૂળતાઓને જીવ મુખ્ય કરે છે અથવા કોઈને કોઈ બહાને પોતાના સ્વકાર્યને ગૌણ કરી નાખે છે, એ ચૂકી જાય છે. એ કોઈ પણ બહાનું આમાં પકડવા જેવું નથી. બસ, પોતાના ધ્યેય માટે એણે ગમે તે પરિસ્થિતિનો સ્વીકાર કરવાની એના નિર્ણયમાં તૈયારી હોવી જોઈએ. ગમે તે પરિસ્થિતિ આવે મને સ્વીકાર્ય છે. પણ હવે આ અમૂલ્ય ચીજ મળી છે, અમૂલ્ય અવસર મળ્યો છે, હવે આ વાતને છોડી દેવી કોઈ રીતે પોસાય નહિ, કોઈ કારણથી પોસાય નહિ.

તારા ધ્યેયને ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ. પૂરી ધગશથી ધ્યેય પાછળ પ્રયત્ન લગાવજે, જરૂર પ્રાપ્તિ થશે, થશે ને થશે જ. એ જ્ઞાનીઓ guarantee આપે છે. અનુભવી એ વાતની guarantee આપે છે કે જો જીવ આટલી તૈયારીથી આગળ વધવા માગે તો એને માર્ગપ્રાપ્તિ ન થાય અને એ વંચિત રહી જાય એવું નહિ બને. જેમ કોઈ કોલકરાર કરે એવી બધી એ વાત છે. એ વસ્તુનું સ્વરૂપ છે. અંદરથી આત્મા પ્રગટ થવા માટે તૈયાર છે એવો જ એનો સ્વભાવ છે. પ્રત્યક્ષ થવું અને પ્રગટ થવું એ એનો સ્વભાવ છે, પણ જીવને એની તૈયારી નથી ત્યાં સુધી એને પ્રગટ થવામાં પ્રતિબંધ છે. આ બધી પૂર્વતૈયારીની વાતો છે.

(પ્રવચનાંશ... 'બહેનશ્રીનાં વચનામૃત'–૫૧, 'અધ્યાત્મ સુધા' ભાગ–૨, પાના નં.– ૧૬૪,૧૬૫)

*

# બસ! એકવાર આત્મપ્રાપ્તિ માટે કૃતનિશ્ચયી થા!!

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



૫૧ નંબરનો બોલ છે (એમાં) પ્રેરણા આપે છે. પોતાના ધ્યેય પ્રત્યે - પરિપૂર્ણ શુદ્ધતા એ આત્માનું ધ્યેય છે અને એની પાછળની જે ધગશ છે એ ધગશ સંબંધીની અહીંયાં પ્રેરણા છે કે, 'આકાશ-પાતાળ ભલે એક થાય પણ ભાઈ! તારા ધ્યેયને તું ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ.' કદાચ તારા કુટુંબીઓ તારો વિરોધ કરશે કે કદાચ તારા મિત્રો ખસી જશે, કદાચ તારો સમાજ પણ વિરોધ કરશે, ગમે તે થાય, તારા ધ્યેયને તું ચૂકીશ નહિ, તારા ધ્યેયને તું છોડીશ નહિ.

'આકાશ-પાતાળ ભલે એક થાય...' એટલે ગમે તેવા પ્રતિકૂળ સંયોગો ઉત્પન્ન થાય તોપણ ધ્યેયને ચૂકવાનો પ્રશ્ન હોઈ શકે નહિ. જે માર્ગે જવું છે એ માર્ગે જવું જ છે, ગમે તે પરિસ્થિતિમાં પણ જવું છે. ખરી વાત તો એ છે કે, તરવું છે કે ડૂબવું છે ? આ વાતનો નિર્ણય એણે પહેલાં કરી લેવો પડશે. દરિયામાં તોફાન થાય, તોફાન હોય દરિયામાં અને સામે માઈલ-બે માઈલ કિનારો દેખાતો હોય અને તોફાનમાં વહાણ સપડાણું હોય તો ગમે એમ કરીને કિનારે પહોંચી જાવું છે એમ જ પ્રયત્ન કરે. તોફાન છે તો હવે આપણે માંડી વાળો, ભલે ડૂબી જઈએ એવો કોઈ વિચાર કરે ? એ તો કર્તવ્ય નથી. એમ અહીંયાં જે ધ્યેય છે એ તો મુક્ત થવાનું ધ્યેય છે - પૂર્ણ શુદ્ધિનું ધ્યેય છે એ ધ્યેયને કોઈ પણ હિસાબે, કોઈ પણ કિંમતથી છોડવાનો કે ચૂકવાનો પ્રશ્ન હોઈ શકે નહિ. ભલે ગમે તે પરિસ્થિતિ ઉત્પન્ન થાય. વૈચારિક નિર્ણયમાં પણ આટલી મક્કમતા તો હોવી જ જોઈએ. આ તો હજી વિચારની સ્થિતિની વાત છે. વૈચારિક દશામાં આટલી મક્કમતા તો હોવી જ જોઈએ કે, ગમે તે પરિસ્થિતિમાં મારું કાર્ય સાધવું છે એમાં મારે જરા પણ ચૂકવાનો પ્રશ્ન હોઈ શકે નહિ.

'આકાશ-પાતાળ ભલે એક થાય પણ ભાઈ ! તારા ધ્યેયને તું ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ.' પ્રયત્ન ચાલુ જ રાખજે અને ધ્યેય લક્ષમાં જ રાખજે. એક ધ્યેયને લક્ષે આગળ વધવાનો પ્રયત્ન છે એ પ્રયત્નની અંદર જરા પણ મૂકી દેવાની વાત હોય નહિ કે, મૂકી દ્યો હવે - એ વાત હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- દીકરો પરદેશ જાતો હોય અને મા-બાપ શીખામણ દ્યે એવી વાતો છે !

(અનુસંધાન પાના નં ૦૬ પર... )

## ગુરુદેવશ્રીની વાણી - દિવ્યધ્વનિની ઝાંખી !!


પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભાઈશ્રી

### પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ભક્તિપૂર્ણ હૃદયોદ્ગારો !!

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

'ગુરુદેવ'ને વાણીનો યોગ પ્રબળ છે,...' એટલે બળવાન યોગ છે. અનેક ન્યાયોની અભિવ્યક્તિ એમના દ્વારા થઈ છે અને વર્તમાન ઉપલબ્ધ જૈન સાહિત્યને એ દૃષ્ટિએ તપાસવામાં આવે તો 'ગુરુદેવશ્રી' દ્વારા જે સ્પષ્ટીકરણ થયું છે એવું સ્પષ્ટીકરણ ભૂતકાળમાં કોઈના દ્વારા થયું હોય એવું જોવામાં આવતું નથી. એ નિષ્પક્ષપણે કહી શકાય એવું છે. 'ગુરુદેવ'નો પક્ષ કરીને વાત નથી. નિષ્પક્ષપણે કોઈપણ તટસ્થ માણસ એ દૃષ્ટિકોણથી જૈન સાહિત્યને જોવે-ઉપલબ્ધ જૈન સાહિત્યને (જોવે) તો આટલું સ્પષ્ટીકરણ ક્યાંય જોવામાં આવતું નથી. એટલું સ્પષ્ટીકરણ આપ્યું છે ! એવો વાણીનો પ્રબળ યોગ છે!

'શ્રુતની ધારા એવી છે કે...' હવે જ્ઞાન ઉપર લે છે. પહેલાં વાણીની વાત કરી. હવે ગુરુદેવના શ્રુતજ્ઞાનની વાત કરે છે કે, શ્રુતજ્ઞાનની ધારા એવી છે કે 'લોકોને અસર કરે ને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય.' એમનાં શ્રુતજ્ઞાનમાંથી, શ્રુતજ્ઞાનના નિમિત્તે જે વાણી પ્રગટ થાય છે, ભાવશ્રુતજ્ઞાન પ્રગટ હોવાને લીધે અને જે વાત કહે છે એની પાછળ આત્મરસ ભરેલો હોવાને લીધે ભલે વાણીની છટા કે વક્તૃત્વતા એવી ન હોય તોપણ એ વાણીમાં કોઈ એવો પ્રકાર હતો, એવી મીઠાશ હતી કે જાણે 'સાંભળ્યા જ કરીએ' એમ થાય !! એક કલાકનું પ્રવચન ક્યાં પૂરું થઈ જાય છે એ ખબર ન રહે ઘણીવાર તો !! બસ ! કલાક પૂરો થઈ ગયો ?! એમ લાગે !!

મુમુક્ષુ :- એમ કેમ થતું હશે ?

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે, સાંભળનારને જ્યાં રસ આવે છે ત્યાં એને સમય ક્યાં વ્યતીત થાય છે એ ખબર નથી રહેતી. એ તો દરેક વિષયમાં એવું છે. જેને જે વિષયમાં રસ આવે એને ત્યારે સમય કેમ વ્યતીત થાય એનો ખ્યાલ ન રહે. આ તો બહુ સ્વભાવિક છે.

'શ્રુતની ધારા એવી છે...' 'સોગાનીજી'એ આ વિષયમાં એક પત્રની અંદર લખ્યું છે કે, 'આત્મધર્મ' આવ્યું અને 'ગુરુદેવ'નું પ્રવચન (વાંચ્યું તો એમ લખ્યું કે) 'આત્મરસ સે ભીગી હુઈ વાણી...' ચૈતન્યરસથી ભીંજાયેલી એવી વાણી વાંચતાં અને સાંભળતાં તૃપ્તિ થતી નથી. એટલે સાંભળ્યા જ કરીએ એમ થાય. આમ તો 'ગુરુદેવ' તીર્થંકરદ્રવ્ય હતાં અને કુદરતી એવો યોગ હોય છે. કેમકે આગળ દિવ્યધ્વનિમાં વાણીનો એવો જ પ્રકાર આવવાનો છે ! ભલે ત્યાં તો અક્ષરાત્મક વાણી



નથી, ૐ કારનાદ છે, ૐ કાર ધ્વનિ છે; પણ સાંભળનારને તો કાનમાં કોઈ અમૃતની ધાર કરતું હોય એવું મીઠું લાગે ! આ સંગીત લોકોને મીઠું લાગે છે કે નહિ ? કોઈનું ગળું સારું હોય તો એમ નથી કહેતાં ? કે, બહુ સારું ગળું છે ! ઘણું સારું-સરસ ગાય છે! જગતની અંદર સામાન્ય પ્રાણીને એ પ્રકારનો પુણ્યયોગ હોય છે. એ તો સામાન્ય જીવો છે, ધાર્મિકદષ્ટિએ એ કોઈ યોગ્યતા નથી. પછી જગતના ગીતો ગાય કે ભજનો ગાય પણ ગળાની મીઠાશ છે એ પુણ્યનો સામાન્ય પ્રકાર છે. અને લોકો તો એને કમાણીનું સાધન પણ બનાવે છે કે નહિ ?

તીર્થંકરનાં પુણ્ય તો સર્વોત્કૃષ્ટ, લોકોત્તર પુણ્ય છે ! તો એમની વાણીની મીઠાશ કેટલી હશે ! સામાન્ય પ્રાણીને આવો પુણ્યયોગ હોય તો દિવ્યધ્વનિની વાણીની મીઠાશ કેટલી હોય!! કે સાંભળનારને 'સાંભળ્યા જ કરો' એમ લાગે ! ત્યાંથી સાંભળતાં-સાંભળતાં કંટાળીને કોઈ ઊઠે નહિ. કોઈ ભૂખ લાગે ને જમવા જાય ને તરસ લાગે ને પાણી પીવા જાય કે એવી કોઈ શરીરની હાજત (લાગે) – એ પ્રકાર કાંઈ નહિ. સાંભળે ત્યારે ઊઠવાનું કોઈને મન ન થાય. ચોંટી જાય જાણે ! એ તો સામાન્ય રીતે બીજાં લૌકિક ઉત્કૃષ્ટ વક્તા હોય તોપણ માણસને એટલો રસ પડે છે કે બીજી બધી પ્રવૃત્તિ બંધ કરીને સાંભળતા હોય છે. તીર્થંકર પરમાત્મા, જિનેન્દ્ર પરમાત્માની તો શું વાત થાય !! એ તો અંદાજ બાંધવો મુશ્કેલ છે ! અનુમાન આવવું મુશ્કેલ છે !

....'ગુરુદેવ'ની વાણીમાં 'સાંભળ્યા જ કરીએ' એવું થતું હતું એની પાછળનું જો કારણ વિચારવામાં આવે તો એમનો પોતાનો જે રસ હતો, શ્રુતની ધારા-જ્ઞાનરસ-ચૈતન્યરસ એવો હતો કે, એ રસ એ વાણીની અંદર ઝળકતો હતો. તેથી એમાં સાંભળનારને પણ રસ આવે, ઘણો રસ આવે અને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય. 'પૂજ્ય બહેનશ્રી'એ તો પોતાનાં ભાવો વ્યક્ત કર્યા છે. એના ઉપરથી દરેકે પોતાના લક્ષે પોતાનાં પરિણામ અને પોતાનાં ભાવો તપાસી લેવા.

(પ્રવચનાંશ...'બહેનશ્રીનાં વચનામૃત'-૮ , 'અધ્યાત્મ સુધા' ભાગ-૧, પ્રવચન નં -૯, પાના નં.- ૧૦૬ થી ૧૦૮)

## આવશ્યક સુચના

"સ્વાનુભૂતિ પ્રકાશ" માસિક પત્રિકા સમયસર પ્રાપ્તિ માટે જે લોકોને **(e-copy) - pdf.** ના રૂપમાં જોઈતી હોય તેમણે પોતાના રજિસ્ટ્રેશન માટે નીચેના નંબર પર સંપર્ક કરવો. શ્રી નીરવ વોરા :- ૯૮૨૫૦૫૨૯૧૩

# પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપકાર કેટલો?

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



**મુમુક્ષુ :-** આવો આત્મા 'ગુરુદેવે' બતાવ્યો, અમારા મૂળ દિગંબરમાં વાત જ નહોતી.

**પૂજ્ય ભાઈશ્રી :-** શાસ્ત્રમાં હતું, પણ દિગંબર સંપ્રદાયમાં વાત લુપ્તપ્રાય હતી એટલે લોપાઈ ગઈ હતી. ત્રણે ફિરકાઓમાં બાહ્ય ક્રિયાકાંડમાં સંપ્રદાયના જીવો સપડાયેલા હતા એમાંથી કોઈ એક નવો અધ્યાત્મનો યુગ એક યુગપુરુષને લઈને ઉત્પન્ન થયો એમ કહી શકાય.

**મુમુક્ષુ :-** કેટલો ઉપકાર !

**પૂજ્ય ભાઈશ્રી :-** તેનું કોઈ માપ નીકળે એવું નથી. ઉપકારનું માપ નીકળે એવું નથી. 'ગુરુદેવ'નો ઉપકાર કેટલો ? કે એનું કોઈ માપ નીકળે એવું નથી. સંસારનો છૂટકો થઈ જાય એવું છે. સંસારના ભૂકા બોલાવી દે ! સંસાર ? તો કહે કાંઈ ચીજ નથી. તું એટલો મહાન છો કે જેના એક સેકંડના અનુભવમાં સંસારના ભૂકા છે ! તારી તો વાત શું થાય ! એવી વાત કરી છે.

**મુમુક્ષુ :-** 'સોગાનીજી'એ કહ્યું કે અનંત તીર્થંકરોથી અધિક છે.

**પૂજ્ય ભાઈશ્રી :-** હા, ઈ પણ માપ ન આવ્યું ને ? એનાથી કેટલું વધારે ? કે, એનું કાંઈ માપ નહિ એટલું વધારે !

(પ્રવચનાંશ... 'બહેનશ્રીનાં વચનામૃત'-૪૭, 'અધ્યાત્મ સુધા' ભાગ-૨, પ્રવચન નં-૪૨ પાના નં.- ૧૨૪,૧૨૫)

*

## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (એપ્રિલ-૨૦૨૫, ગુજરાતી તથા હિન્દી)ના અંકની સમર્પણ રાશિ
**સ્વ. શ્રી ડોલરભાઈ હેમાણીના સ્મરણાર્થે**
**હસ્તે શ્રીમતી છાયાબહેન શૈલેષભાઈ શાહ**
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,
જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

# એક ગરજતી દિવ્યમૂર્તિ !!

**પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ભક્તિપૂર્ણ હૃદયોદ્‌ગારો !!**
**–પૂજ્ય સોગાનીજી**


પૂજ્ય ગુરુદેવશ્રીને આહારદાન કરતા પૂજ્ય સોગાનીજી

'પૂજ્ય ગુરુદેવ'નું સ્મરણ આ સમયે પણ આવી રહ્યું છે અને આંખમાંથી ગરમ આંસુ વહી રહ્યાં છે કે તેમના સંગમાં રહેવાનું થતું નથી. તેમની અસંગરુચિનો (અથવા સ્વસંગનો) ઉપદેશ કાનમાં ગુંજી રહ્યો છે અને તેની રમણતાથી જ અહીંની ઉપાધિઓ ઢીલી સરખી બની રહે છે. એ દિવસની પ્રતીક્ષામાં છું કે, ક્યારે એ ગર્જતી દિવ્યમૂર્તિનાં ચરણોમાં જલદી હું પોતાને પામું! (પત્રાંશ-૪)

*

હે 'ગુરુદેવ'! લોકોત્તર લાભ માટે આપનાં વચનો પર શ્રદ્ધા રાખી છે. આશીર્વાદ દેતું આપનું મોહક ચિત્ર નિહાળ્યું છે. આપના આશીર્વાદથી પૂર્ણ આનંદમયી નિધિને પ્રાપ્ત કરી લઉં અને અનંત પદાર્થોના ત્રણે કાળના અનંતા ભાવો વર્તમાન એકેક ભાવથી અવિચ્છિન્ન પ્રત્યક્ષ થતા રહે એવી તીવ્ર અભિલાષા છે. દરિદ્રીને ચક્રવર્તીપણાની કલ્પના હોતી નથી. પામર દશાવાળાને 'હું ભગવાન છું, હું ભગવાન છું' એવું રટણ લગાડવું તે, હે પ્રભો! આપ જેવા અસાધારણ નિમિત્તનું જ કાર્ય છે. પરિણતિ માટે આત્મા જ નિમિત્ત હો અથવા ભગવાન-ભગવાન એવો ગુંજારવ કરતા આપ નિમિત્ત હો, બીજાનો સંગ નહીં – એ જ ભાવના. (પત્રાંશ-૨૬)

*

પરમકૃપાળુ 'ગુરુદેવશ્રી'ના મુખારવિંદથી મારા સંબંધમાં નીકળેલા સહજ ઉદ્‌ગારો આપને અમુક-અમુક સ્થળોના ભાઈઓથી જાણવા મળ્યા તે તમે બધાયે સ્વાભાવિક પ્રસન્નતા અને ઉત્સાહપૂર્વક મને લખ્યા તે જાણ્યા.

'મુક્તિનાથ'ની આ દાસ પ્રત્યે સહજ કૃપાદૃષ્ટિ એ વાતની દ્યોતક છે કે, અતિ ઉમંગ-ભરી મુક્તિસુંદરી અપ્રતિહત ભાવે, મારા જેવા કૃતકૃત્યની સાથે મહા આનંદમયી, અસ્ખલિત, પરમ ગાઢ આલિંગનયુક્ત રહીને શીઘ્રાતિશીઘ્ર કૃતકૃત્ય થવા ઇચ્છે છે.

'પરમ પિતાશ્રી'એ આપણા બધા પુત્ર મંડળને અતૂટ લક્ષ્મીભંડાર (દૃષ્ટિરૂપી ચાવી દ્વારા ખોલીને) ભોગવવા માટે પ્રદાન કર્યો છે. એને નિત્ય ભોગવો, નિત્ય ભોગવો – એ જ ભાવના છે.

(પત્રાંશ-૫૧)

('દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' માંથી સાભાર ઉદ્ધૃત)


# શ્રી મહાવીરભગવાન જન્મકલ્યાણક તથા પૂજ્ય ગુરુદેવશ્રી સંપ્રદાય પરિવર્તન દિન (ચૈત્ર સુદ તેરસ-૧૦-૦૪-૨૦૨૫)

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



આજે ભગવાન મહાવીરસ્વામીનો જન્મ કલ્યાણક દિવસ છે. છેલ્લા અંતિમ તીર્થાધિનાથ થઈ ગયા એ. દરેક તીર્થંકરોના સમયમાં કાળ પ્રમાણે ધર્મ પ્રભાવના થાય છે. કાળ પ્રમાણે એટલે શું? ઉતરતો કાળ છે. પણ વાતાવરણ, ધર્મમય વાતાવરણ ઘણું જામે. અને એ તો ચોથો આરો તો હતો જ. પણ જેમ-જેમ કાળ જતો જાય છે એમ તીર્થંકરોના આયુષ્ય પણ ઘટતા જાય છે. એટલે એમનો પ્રભાવનાકાળ પણ ઓછો હોય. ભગવાન મહાવીરસ્વામીનો પ્રભાવનાકાળ ૩૦ વર્ષ જ હતો. કેમકે આયુષ્ય જ ૭૨ વર્ષનું હતું. અત્યારે તો પંચમઆરામાં પણ ૧૦૦ વર્ષના માણસો કોઈક-કોઈક જોવા મળે છે. એંશી-નેવુંના તો ઘણાંય. પણ હીનકાળ હોવાથી ભગવાનનું આયુષ્ય પણ, છેલ્લો દેહ - ચરમશરીર બોતેર વર્ષનું હતું. એમાં સાડાબાર વર્ષ તો મુનિદશામાં ગયા. ત્રીસ વર્ષ ગૃહસ્થાશ્રમમાં ગયા, બાર વર્ષ-સાડાબાર વર્ષ મુનિદશામાં ગયા, ત્રીસેક વર્ષ કેવળજ્ઞાનદશામાં ગયા. પણ ધર્મતીર્થની પ્રવૃત્તિ બહુ સારા પ્રમાણમાં થાય એવો જ કોઈ એમના તીર્થંકર પ્રકૃતિના ઉદય સાથે પાત્ર જીવોનો સુમેળ હોય છે. પાત્રતાવાળા જીવો પણ ખેંચાઈ-ખેંચાઈને આવી જાય છે અને એનો મોટો દૃષ્ટાંત છે ગૌતમસ્વામીનો. પાત્રતા હતી તો છેક વેદાંતમાંથી ખેંચાઈને આવી ગયા હતા. એ ઉપદેશની પરંપરા ગણધરદેવોના ઉપદેશથી ચાલી. ગણધરદેવોએ બાર અંગની રચના કરી. એના ઉપરથી આચાર્યોએ વાતને ઝીલી રાખી, ટકાવી રાખી. પોતે પણ ધર્મમાં પરિણમન કરીને ધર્મને ટકાવી રાખ્યો. શ્રુતને પણ પોતે પોતાની શક્તિથી ટકાવી રાખ્યું, કાળક્રમે ઘણાં આચાર્યો થયા, ઘણાં જ્ઞાનીઓ થયા. એ બધાનો ધર્મ ટકાવવામાં મોટો ફાળો છે. અને અત્યારે જે કાંઈ આપણે ધર્મ સાધન કરીએ છીએ, આપણા હાથમાં જે કાંઈ આ ચીજ આવે છે, તેમાં બધાનો ઉપકાર છે. ભગવાન મહાવીરસ્વામીથી લઈને ગણધરદેવોથી લઈને આચાર્યો, મુનિઓ અને સત્પુરુષો, જ્ઞાનીઓ એ બધા આ ધર્મ પ્રવર્તાવવામાં ઉપકારી થયા. અને એમને કારણે જે સાહિત્ય

રહી ગયું એનો લાભ આપણે બધા અત્યારે લઈ શકીએ છીએ. મંદિરો થયા, શાસ્ત્રો રચાયા, એ બધા ધર્મ પ્રભાવનાના બાહ્ય સાધનો છે. અંતર સાધન સાથે એને જોડે એ ધન્ય થઈ જાય છે. અને એના સંસારનો નિવેડો આવી જાય છે. મોટી વાત એ છે કે અનંતકાળમાં જીવ એક વખત પણ ધર્મ પામે તો એનો છુટકારો થઈ જાય છે. પરિભ્રમણના વંટોળમાંથી એ છૂટો પડી જાય છે. અને અંતે સ્થિર થઈને સિદ્ધાલયમાં પૂર્ણદશામાં, પૂર્ણાનંદની દશામાં બિરાજમાન થઈ જાય છે. આજનો દિવસ છે અને ગુરુદેવનો પણ આજે પરિવર્તન દિવસ છે. કેટલામો છે મને યાદ નથી. પણ લખ્યું હતું બોર્ડ ઉપર કેટલામો પરિવર્તન દિવસ છે. આજે ચૈત્ર સુદ તેરસ એટલે પરિવર્તન દિવસ છે.




**મુમુક્ષુ :–** એકાણુંમાં પરિવર્તન કર્યું હતું.

**પૂજ્ય ભાઈશ્રી :–** એકાણું. હા, હા! પચાસ, એકાવન ને પચાસ થયા. બાસઠમો પરિવર્તન દિવસ છે. અત્યારે તો બાસઠ વર્ષના ઓછા મળે. પરિવર્તન કર્યું એને બાસઠ થયા. ગુરુદેવનો જન્મ થયો સ્થાનકવાસી સંપ્રદાયમાં – શ્વેતાંબરમાં ત્યાં કાંઈ માર્ગ હતો નહિ, છે નહિ. અને (પોતે) ધર્મ પામવાના હતા એટલે શોધ કરતા-કરતા દિગંબર શાસ્ત્ર સુધી પહોંચ્યા. નહિતર તો સંપ્રદાયની બહાર ન નીકળી શકે અને એમાં પણ દીક્ષા લીધા પછી તો નીકળવું બહુ મુશ્કેલ પડે. ઈ પહેલા તો થોડોક **free** હોય છે, માણસ ગમે ત્યાં જાય કોઈ પૂછતું નથી. પણ અહીંયાં સંપ્રદાયમાં અત્યારે સાધુને તો સમાજનો પ્રતિબંધ ઘણો હોય છે, પછી જંગલમાં વસનારાઓને કાંઈ પ્રતિબંધ હોતો નથી. સમાજમાં રહે એટલે સમાજમાં પ્રતિબંધ તો લાગુ પડે જ. છતાંય આ તો વીર્યવાળા હતા. એટલે સંપ્રદાયનો વાડો તોડીને બહાર નીકળી ગયા. અને ધર્મ પામ્યા અને અનેકને ધર્મ પમાડ્યો. ગુરુદેવનું કામ પણ તીર્થંકર જેવું થઈ ગયું. એવા કોઈક મહાપુરુષો અમુક કાળમાં પણ થાય છે. બધા યુગપુરુષ જેવા છે. તેમને નિમિત્તે હજારો લોકો સન્માર્ગ પ્રત્યે વળે છે. પછી યોગ્યતા હોય એટલા પામે, પણ આ દિશામાં વળે છે. કે ઘણાં શ્વેતાંબરો, સ્થાનકવાસીઓ, દિગંબરો, અજૈનો આ બાજુ વળ્યાં. એ ગુરુદેવનો ઉપકાર છે!! એમ ગુરુદેવે પોતે શ્રુતની ઉપાસના ઘણી કરી. આચાર્યોના શાસ્ત્રો, જ્ઞાનીઓના શાસ્ત્રો, એની ઉપાસના ઘણી કરી. એટલું ભણ્યા નહોતા તોપણ અધ્યાત્મના અને સન્માર્ગના

ગૂઢભાવોને ઉકેલી શકતા હતા અને બીજાને સમજાવી પણ શકતા હતા. અને સાચો દષ્ટિકોણ છે એની પાછળ ગુરુદેવનો ઉપકાર છે. શાસ્ત્ર વાંચવું એ એક વાત છે અને સાચો દષ્ટિકોણ પ્રાપ્ત થવો એ બીજી વાત છે. સાચી દષ્ટિથી શાસ્ત્ર વાંચે તો જ એનો લાભ થાય. જીવ અનાદિનો નિમિત્તાધિન દષ્ટિવાળો છે અને રાગની દષ્ટિવાળો છે અને રાગની પ્રધાનતામાં ઉભો છે. એમાં ગમે ઈ શાસ્ત્ર વાંચે તો એથી કાંઈ એનું ફળ ન આવે. ફળ ન આવે એટલે ભિન્ન જ્ઞાનમય આત્માનું જ્ઞાન ન થાય. એકત્વબુદ્ધિ પ્રવર્તી રહી છે. આવા મહાપુરુષ થાય ત્યારે એ ફરક પડે છે અને સાચો દષ્ટિકોણ પણ ખુલ્લો થાય છે. ગુરુદેવે બહુ ખોલ્યું, એ દષ્ટિએ ગુરુદેવે બહુ ખોલ્યું. બહેનશ્રી પણ ગુરુદેવના પ્રતાપની અહીંયાં વાત કરે છે.

મુમુક્ષુ :- પરિવર્તન તો પહેલા થયું છે, આ તો જાહેર પરિવર્તનને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આ જાહેર પરિવર્તન. ધર્મ પરિવર્તનથી આત્મા તો પરિવર્તન પામી ગયો હતો તેર વર્ષ પહેલા. આ તો એક જાહેર પરિવર્તન એટલા માટે કર્યું કે લોકોને ભ્રાંતિ ન રહે કે, આ બેય જાતના માર્ગ સાચા છે. એટલે પોતે સ્પષ્ટ કર્યું, કે માર્ગ તો આ એક દિગંબર છે એ જ સાચો છે. બાકી બધી ગડબડ છે. જાહેર પરિવર્તન કરીને જગતને એ વસ્તુનો બોધ મળે એટલો એમનો હેતુ હતો. નહિતર લોકો છળ પકડે અને ભ્રાંતિ ફેલાવે. વિરોધ કરનારા તો ઘણી રીતે છળ પકડતા ને ભ્રાંતિ ફેલાવતા. કેટલાક દિગંબરો એમ કહેતા કે આ ભલેને અત્યારે દિગંબરની વાત કરે પાછા એ બધાને શ્વેતાંબરમાં ખેંચી જાશે. આ તો બધાની બનાવટ કરવા માટે આવું કરે છે, તેવું કરે છે. એ તો પોતાને જેવું માનસ હોય એ વાત કરે, જેવી પોતાની માનસિક પરિસ્થિતિ હોય એવી વાત કરે માણસ.

મુમુક્ષુ :- સ્વાનુભવ થયા પછી તેર વર્ષે પરિવર્તન કર્યું?

પૂજ્ય ભાઈશ્રી :- હા. તેર વર્ષે પરિવર્તન કર્યું.

મુમુક્ષુ :- તેર વર્ષ સંપ્રદાયમાં રહ્યાં?

પૂજ્ય ભાઈશ્રી :- સંપ્રદાયમાં રહ્યાં (પણ) ઉપદેશ આ બધો આપતા હતા સન્માર્ગનો. પણ થોડુંક દબાવવું પડતું હતું. ખુલ્લું ન કહી શકે કે આ સમયસાર આમ કહે છે, કુંદકુંદાચાર્ય આમ કહે છે, નામ ન લઈ શકે, ઉપકારીનું નામ ન લેવાય એટલે જરાક અંદરમાં દુઃખ થાયને! બાકી ઉપદેશ એ જ આપતા હતા. નહિતર છૂટા પડવાની વાત આવી ત્યારે પણ બધાએ એમ જ કીધું, તમને ક્યાં કોઈ રોક-ટોક છે, તમે તમારે સંપ્રદાયમાં રહીને જે કરવું હોય એ કરોને, સંપ્રદાય છોડવો રહેવા દ્યો, બહુ તોફાન થઈ જશે મોટું અને તોફાન થયું ઘણું. આવા ફેરફારો થાય ત્યારે તોફાન થાય પણ ખરું. પણ ગુરુદેવ તો બહુ અડીખમ વીર્યવાળા હતા એટલે કાંઇ એમને કાંઈ તોફાન-બોફાન કાંઇ કરી શકે નહિ. અને અંતે પાછું

જે થવાનું હતું તે થયું. પરિવર્તન કરીને સોનગઢમાં નિવાસ કર્યો, વાસુદેવભાઈના મકાનમાં પરિવર્તન કર્યું. એમના પિતાશ્રી હતા, વાસુદેવભાઈ તો નાના (હતા).

મુમુક્ષુ :- 'સ્ટાર ઑફ ઈન્ડિયા'

પૂજ્ય ભાઈશ્રી :- હા, મકાનનું નામ 'સ્ટાર ઑફ ઈન્ડિયા'. એમનાં પિતાશ્રી હીરાભાઈ હતાને? હીરાભગત કહેવાતા. હીરાભાઈના - એમના મકાનમાં રહ્યાં હતા અને એમણે મકાન ખાલી કરીને આપી દીધું હતું પોતે બીજા મકાનમાં રહેવા ગયા હતા. ગુરુદેવ ત્યાં સ્વાધ્યાય કરતા. પછી ત્યાં વ્યાખ્યાન આપતા થઈ ગયા. પછી આ ૯૧'ની અંદર આ સ્વાધ્યાય હૉલ પહેલો-વહેલો કર્યો. મંદિર પછી ૯૪'માં થયું. પ્રવચન હોલ પછી ૨૦૦૩માં થયો. ૨૦૩૦માં પરમાગમ મંદિર થયું, ૨૦૪૦, ૩૯ કે ૪૦માં નંદિશ્વર જિનાલય થયું. એમ ફાલ્યું-ફૂલ્યું બધું.

**(પ્રવચનાંશ... 'સ્વાનુભૂતિદર્શન' પ્રવચન નં-૧૧૦, 'અધ્યાત્મ પિપાસા' ભાગ-૪,પાના નં-૨૩૭ થી ૨૪૦)**

*

## પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીના ૧૧૪ મી જન્મજયંતી મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરી સોનગઢમાં ધાર્મિક કાર્યક્રમ

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણના પાત્ર એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીની આગામી ૧૧૪ મી જન્મજયંતી તેઓશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા.૦૬-૦૫-૨૦૨૫ થી તા.૦૮-૦૫-૨૦૨૫ સુધી ત્રણ દિવસના ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ સોનગઢ સ્થિત 'ગુરુ-ગૌરવ' હૉલમાં ઊજવવામાં આવશે.

આ પ્રસંગે સવારમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા (આશ્રમમાં), જિનદર્શન તથા પૂજન જિનમંદિરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન સ્વાધ્યાય મંદિરમાં, ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ' ઉપરના પ્રવચન 'ગુરુ-ગૌરવ' હૉલમાં, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત ઊજવવામાં આવશે.

તા.૦૮-૦૫-૨૦૨૫, પૂજ્ય સોગાનીજીના જન્મજયંતી દિને પૂજ્ય ભાઈશ્રીના પ્રવચન બાદ જન્મવધામણા તથા ભક્તિ કરવામાં આવશે.

આ પ્રસંગમાં સર્વ મુમુક્ષુ-ભાઈબહેનોને પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે.

આયોજક : શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવનગર



## પૂજ્ય બહેનશ્રીના હૃદયમાંથી વહેલા ગુરુ ગુણ સંભારણાં



ગુરુદેવની વાણીનો પડકાર જ જુદો... અત્યારે તેમના આશ્રિતો વાંચે પણ એ ગુરુદેવની વાણી તો જુદી જ... સિંહગર્જના જેવી તેમની વાણીનો પડકાર, તે વાણી જુદી હતી. અત્યારે ટેપમાં ગુરુદેવની વાણી... દૂરથી તો જાણે ગુરુદેવ જ બોલે છે તેમ લાગે. ઘડીક તો ભૂલી જવાય. એમ થઈ જાય કે વ્યાખ્યાન શરૂ થઈ ગયું. વર્ષોના સંસ્કાર તેથી એમ લાગે. ગુરુદેવ છે જ એમ લાગે. તેમની વાણીએ બધાંને જીવતા રાખ્યા છે. ગુરુદેવની પ્રબળ વાણીના નિમિત્તે ક્રાંતિ થઈ ગઈ. ગુરુદેવ સ્વયમ્ જાગ્યા ને આખા ભારતને જગાડ્યું. ખૂણેખાંચરે બધાંને જાગૃત કર્યા. ૫૩.

*

ચૈતન્ય આખો જ્ઞાનનો સાગર, આનંદનો સાગર, શુદ્ધતાથી ભરેલો છે. તેમ તેને ઓળખાવનાર ગુરુદેવ હતા. ચૈતન્યની વાર્તા, શુદ્ધાત્માની વાર્તા ગુરુદેવ કરતા હતા. આવી ચૈતન્યની વાર્તા જગતમાં ક્યાંય નથી. તેની સ્વાનુભૂતિ કર, અંતરમાંથી ભેદજ્ઞાન કર. તું અંતરમાં જા. તેમ ચૈતન્યની વાત સાંભળનારના બહારના રસ લૂખા થઈ જતા હતા. ૫૫.

*

ગુરુદેવે ચૈતન્યનો પ્રકાશ બહાર લાવીને બધાને દેખાડ્યો. તું છો, તું જેવો છો તેવો તું તને જો. ગુણોનો વૈભવ જો. ગુણોનો વૈભવ પાથરી પાથરીને બતાવ્યો. આ તારો વૈભવ ! તું જો ! આવી વાણી! માણસો સાંભળીને છક થઈ જતાં. ગુરુદેવ શું કહેવા માગે છે ! આવું તો સાંભળ્યું જ નથી. ક્યાંય મળ્યું નથી.

ષટ્ આવશ્યક- પદ્મનંદિના પ્રવચનમાં કેવા જોરદાર પડકાર છે ! તેમની પુરુષાર્થપ્રેરક વાણી હતી. એક કૂદકે સમ્યક્દર્શન, બીજે કૂદકે મુનિપણું, ત્રીજા કૂદકે કેવળજ્ઞાન એમ કહેતા હતા. તેમની આવી જોરદાર વાણી સાંભળીને જીવને પુરુષાર્થનું બળ મળી જાય છે. ૫૭

*

અત્યારે જે ''અમૃત વરસ્યાં રે પંચમકાળમાં'' (એમ ગાય છે) તેના બદલે ત્યારે એમ ગાતા કે ''અમૃત વરસ્યાં રે રવિના પ્રભાતમાં'' રવિવારે રાત્રે અમરેલીના ઉપાશ્રયમાં ૐ નાદ આવેલ, દિવ્યધ્વનિ સંભળાય છે, વાજિંત્રો વાગે છે, વગેરે આવેલું. ૫૮.

*

પૂજ્ય ગુરુદેવે એવો માર્ગ બતાવ્યો કે મતમતાંતર આડાં ન આવે. બધું કહીને ગયા છે. જગતનું આશ્ચર્ય આત્મા છે. જિનેન્દ્ર ભગવાન આશ્ચર્યકારી છે ને ગુરુદેવ પણ આશ્ચર્યકારી હતા.



એમનો અતિશય એવો હતો કે જ્યાં એમનાં પગલાં થતાં ત્યાં બધું સવળું થઈ જાય. ભગવાન વિહાર કરે ત્યારે કાંટા આડા થઈ જાય. યોજનો સુધી રોગ ન થાય, વેર-વિરોધ ભૂલી જાય તેમ પંચમકાળમાં ગુરુદેવનું તીર્થંકરનું દ્રવ્ય આશ્ચર્યકારી હતું. એમની હાજરીમાં જે થયું તે આશ્ચર્યકારી થયું છે. ૫૯.

*

પૂજ્ય ગુરુદેવે તો એક જ મંત્ર આપ્યો છે કે શુદ્ધાત્માને ગ્રહણ કરવો. આ એક જ લગામ હાથમાં આવી તો (શુદ્ધ) પરિણામ ચાલ્યાં આવશે, પરિણામ જોવાં નહીં પડે. એક શુદ્ધાત્માની લગામ હાથમાં રાખવી. શુદ્ધાત્માને ઓળખવો-- આ મંત્ર પૂજ્ય ગુરુદેવે આપ્યો છે. ૬૦.

*

ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ પણ આત્મામાં નથી. એક પારિણામિક ભાવસ્વરૂપ આત્મા છે. આ બધું સ્વરૂપ ગુરુદેવે બતાવ્યું છે. ૬૧.

*

આચાર્યદેવે તેમના શબ્દોથી નિજ વૈભવ દેખાડ્યો. ગુરુદેવે પોતાના વૈભવથી સમયસાર દેખાડ્યું. ગુરુદેવના શબ્દે શબ્દમાં અનંતતા ભરી છે. આત્મામાં અનંતતા ભરી છે. આત્માના એક અંશમાં અનંતતા ભરી છે. ભગવાનની દિવ્યધ્વનિનો પાર પામવો મુશ્કેલ છે. ભગવાનની દિવ્યધ્વનિના શબ્દોમાં અનંતા રહસ્યો છે. ગુરુદેવના સમયસારના અર્થની શક્તિનો પાર પામવો મુશ્કેલ છે, અનંત રહસ્ય છે. ૬૨.

*

આવા વિષમકાળમાં આવા મહાપુરુષનો યોગ મળવો અતિ અતિ દુર્લભ છે. એમનાં દર્શન અને વાણી કેટલા દુર્લભ છે તે અત્યારે સૌ ભક્તોને વેદનપૂર્વક સ્પષ્ટ સમજાય છે. પુણ્યના થોક ઊછળ્યા વિના આવા મહાપુરુષનો યોગ આ કાળે ક્યાંથી હોય ? ભારતના મહાભાગ્ય હતાં કે ગુરુદેવનો અહીં જન્મ થયો, આટલાં વર્ષો સુધી બધાંને અપૂર્વ લાભ મળ્યો.


એમનાં પગલાં પડે ત્યાં મંગળ-મંગળ થઈ જાય ! આખી નગરી ફરી જાય ! મુંબઈ નગરીમાં પંદર-પંદર વીસ-વીસ હજાર માણસોની વચ્ચે વ્યાખ્યાન આપે, બધાં એકીટશે ટગર ટગર જોઈ રહે, અદ્‌ભુત શાંતિથી પ્રેમપૂર્વક જ્ઞાન-વૈરાગ્ય ભરપૂર ગુરુદેવની અમૃતવાણી ઝીલે, સૌ પોતપોતાની શક્તિ અનુસાર વત્તું-ઓછું સમજે, પણ બધાં એવી છાપ લઈને જાય કે ખરેખર આ કોઈ મહાપુરુષ છે, ધર્મપુરુષ છે. ગુરુદેવે ભારતને ઘણું આપ્યું છે. ૪૫-૪૫ વર્ષ સુધી શ્રુતના ધોધ વરસાવ્યા છે. ભારત ઉપર તેમનો અપાર ઉપકાર છે. ૬૫.

*

# પૂર્ણતાનો અપ્રતિહત પુરુષાર્થ !!!

**પરમ કૃપાળુદેવની અંતરંગ અધ્યાત્મદશા પર વિવેચન**

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



**પત્રાંક – ૯૫૧**

**રાજકોટ, ફાગણ વદ ૩, શુક્ર, ૧૯૫૭**

**'ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું. માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પ કાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો. જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી એ જ અદ્‌ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ સ્થિરતા છે. પ્રકૃતિ ઉદયાનુસાર કંઈક અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે.'**

પરમકૃપાળુદેવની સમ્યક્‌પુરુષાર્થ સહિતની પ્રથમથી જ એવી ભાવના હતી કે પરિભ્રમણનો પ્રવાસ ત્વરાથી(આ ભવમાં જ) પૂરો કરવો, અને તદ્‌અનુસાર તેઓશ્રીએ પુરુષાર્થ ઉપાડ્યો હતો, ત્યાં વચ્ચે શરીર રોગરૂપી સહરાનું રણ આવ્યું.

પૂર્વ સંચિત કર્મનો બોજો કરજરૂપે પોતાના માથે ઘણો હતો, તે આત્મિકપુરુષાર્થ વડે અલ્પ કાળમાં ભોગવી લેવાય, તેવા અપ્રતિહત પુરુષાર્થની યોજના પણ કરી, અને સ્વરૂપમાં જ્યાં પુરુષાર્થની દોડ લગાવી ત્યાં પગે (શરીરધર્મે) નિકાચિત એટલે કે જેમાં કોઈ ફેરફાર ન થાય તેવો ઉદયમાન વિઘ્નરૂપી થાક ગ્રહણ કર્યો.

વર્તમાન પંચમ કાળમાં પુરુષાર્થની પૂર્ણતા પ્રગટ થઈ પરમાત્મપદની પ્રાપ્તિ અને નિર્વાણપદ પ્રાપ્ત થાય તેવી યોગ્યતાવાળા આત્માઓ આ ક્ષેત્રે, આ કાળમાં જન્મતા નથી (આ કાળમાં નિર્વાણપદને પ્રાપ્ત કરનારાઓ મહાવિદેહ ક્ષેત્રે જન્મે છે) આવું વસ્તુસ્વરૂપ છે. – તે કેવળજ્ઞાન દ્વારા પરમાગમોમાં પ્રસિદ્ધ થયેલું છે. તેમાં કાંઈ અન્યથા થતું નથી, એવું જે કેવળજ્ઞાનનું આશ્ચર્યકારક સ્વરૂપ, તેની પ્રતીત થઈ છે, અને આત્મામાં તો શરીરરોગથી બાધા ન પામે તેવી અવ્યાબાધ સ્થિરતા વર્તે છે.

તેઓશ્રીએ પૂર્ણતાની પ્રાપ્તિ અર્થે ઉગ્ર પુરુષાર્થ ઉપાડ્યો હતો, છતાં એક ભવ બાકી હતો તેવી સ્થિતિ છેવટ રહી ગઈ. એ જ નિયતિનું અદ્‌ભુત આશ્ચર્ય છે. સાથોસાથ સમ્યક્ સમાધાન પૂર્વક પરિણમનમાં અવ્યાબાધ સ્થિરતા છે.


શરીર પ્રકૃતિના ઉદય અનુસાર અશાતા વેદાય છે, તો પણ તેઓએ શાંતભાવે વેદી છે. અશાતાનું વેદન ગૌણ રહ્યું છે. જેથી ભાવી અશાતા બંધનું નિમિત્ત થયું નથી, પણ પૂર્વ અશાતાકર્મની નિર્જરા થઈ છે. જેથી ભવિષ્યમાં અનંત અનંત સમાધિસુખની, અનંત દર્શન અને અનંત જ્ઞાન સહિત, સ્થિતિને પ્રાપ્ત થશે.

**સત્પુરુષોનો સનાતન સન્માર્ગ જયવંત વર્તો!!**

**('ધન્ય આરાધના'માંથી સાભાર ઉદ્ધૃત)**

*

# શૂરવીર સાધકોને સમાધિદિન પર શત શત પ્રણામ!!!



પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી સમાધિદિન
(ચૈત્ર વદ પાંચમ-૧૮-૦૪-૨૦૨૫)



પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ સમાધિદિન
(ચૈત્ર સુદ પાંચમ-૦૨-૦૪-૨૦૨૫)

...કેટલાક જ્ઞાનીઓ તો નિર્વિકલ્પદશામાં દેહત્યાગ કરે છે. શરીરના ફેરફારોથી ખ્યાલ આવી જાય કે, હવે દેહત્યાગની ક્ષણ નજીક છે તો એકદમ પોતાના ધ્રુવ આત્મામાં એનો ઉપયોગ સ્થિર થઈ જાય છે. એટલો પુરુષાર્થ (ઊપડે છે) ! ધારા તો ચાલતી હોય છે પણ પુરુષાર્થની એવી ઉગ્રતા આવે કે આ બાજુ દેહત્યાગ થાય તો આ બાજુ ચૈતન્યગોળો ભાવે પણ છૂટો હોય !! પ્રાણ છૂટે એની એને ખબર પણ ન પડે કે, આ દેહ રહ્યો કે ગયો !! એને ખબર ન પડે. નિર્વિકલ્પ ઉપયોગમાં છૂટી જાય - દેહત્યાગ થઈ જાય, સમાધિમરણે દેવલોકમાં જાય, ત્યાં ઊપજે ત્યારે એને સીધો જ ખ્યાલ આવી જાય કે મારી હયાતીમાં કાંઈ ફેર પડ્યો નથી. જ્ઞાનધારા ચાલુ રહે છે એને પણ સમાધિમરણ છે અને એને જ્ઞાનદશામાં દેહત્યાગ થાય છે ત્યારે પણ આત્માના ભાનસહિત હોય છે. શરીરથી સંબંધ છૂટ્યો છે પણ મારો આત્મા અખંડાનંદ (છે)- જ્ઞાનાનંદ અખંડ છે. મારા સ્વરૂપમાંથી કાંઈ છૂટ્યું નથી. હું હયાત છું - મોજૂદ છું, મારી હયાતીનો અનુભવ હું કરું છું. જ્યાં ઊપજે છે ત્યાં એને જાગૃતિમાં સળંગપણે એ ભાવ રહે છે. સમાધિમરણે દેહત્યાગ કરનારને નવું જીવન સમાધિમય છે. ત્યાં પણ સમ્યક્જ્ઞાનની સમાધિ એને ચાલુ છે. જે સમાધિમય જીવન જીવે છે તેનું મૃત્યુ પણ સમાધિમય, જેનું મૃત્યુ સમાધિપણે થયું છે તેનું નવું જીવન પણ સમાધિમય હોય છે. એને કોઈ આધિ-વ્યાધિ-ઉપાધિ નથી એનું નામ સમાધિ છે. (પ્રવચનાંશ... 'બહેનશ્રીનાં વચનામૃત'-૩૮, 'અધ્યાત્મ સુધા' ભાગ-૨, પાનું ૨૭,૨૮)

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'




## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન **-09825155066**

Printed Edition : **1270**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041